AGRILAND
flourish
a thought for biofarming

તંત્રીઃ ગની પટેલ
This Newsletter is for the private circulation only

વર્ષ–૧ અંક–૨ સળંગ–૨ ઓક્ટોબર–૨૦૨૦

તંત્રીની વાત....

એગ્રીલેન્ડ ફલરિશનો બીજો અંક રજૂ કરતાં આનંદ અનુભવીએ છીએ. 'ફલરિશ'ના માધ્યમથી ખેતીમાં આવતી નવી ટેકનિકલ માહિતી ખેડૂતો તેમજ ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા તમામને મળતી રહે તેવા હેતૂથી આ કાર્ય થઇ રહ્યું છે. હાલમાં ખેતી ક્ષેત્રે સતત સંશોધન થઇ રહ્યા છે. દરેક વિસ્તારમાં દર વર્ષે નવા નવા પાકનું આગમન થઇ રહ્યું છે, પાક સંરક્ષણ ક્ષેત્રે નવા નવા મોલેકયુલ વિવિધ કંપનીઓ દ્વારા આવી રહ્યા છે, તો ઘણી બધી જૂની દવાઓ ઉપર પ્રતિબંધ પણ આવી રહ્યા છે, પાક પોષણ માટે રાસાયણિક ખાતરોમાં સતત નવા ફોર્મ્યુલેશન અને નવા ગ્રેડ ઉપલબ્ધ થઇ રહ્યા છે, બેઝિક ફર્ટિલાઇઝર્સ (પાયાના ખાતરો) ઉપરાંત પૂર્તિ ખાતરો પણ નવા ગ્રેડ અને નવા ફોર્મ્યુલેશન સાથે આવી રહ્યા છે, ફોલીયર ફર્ટિલાઇઝર્સમાં માંગો તે ગ્રેડ હવે બજારમાં ઉપલબ્ધ છે. આ બધાં આધુનિક એગ્રો ઇનપુટ્સની સાથો સાથ ખેતીમાં જમીન અને જમીનના બંધારણને ધ્યાનમાં રાખી ફળદ્રુપતાને ટકાવી રાખવા માટે ખેડૂતો અને વૈજ્ઞાનિકો સતત અવલોકન કરી યોગ્ય દિશામાં કાર્ય કરી રહ્યા છે. સઘન ખેતીનો વ્યાપ વધતા એક વર્ષમાં એક કરતાં વધુ પાક લઇ વધુ કમાણી કરવાના ઉદ્દેશથી જમીનમાંથી ખૂબ ઝડપથી પાકને ઉપયોગી ખનિજો કે જેને આપણે પોષક તત્વો કહીએ છીએ, તેનો ઉપાડ વધી રહ્યો છે. ઘટી રહેલા તત્વોને પૂરા પાડવા માટે વ્યાપક પ્રમાણમાં રાસાયણિક તત્વો અને વધુ પડતા TDS વાળું પિયત પાણી આપવાથી જમીનનું બંધારણ ખરાબ થઇ રહ્યું છે. જમીનનો pH અને EC હવે સામાન્ય રહ્યા નથી. સામે પક્ષે સેન્દ્રિય પદાર્થ જે કાર્બન સોર્સ છે, તેનું પ્રમાણ સતત ઘટવાથી જમીનમાં જૈવિક વૈવિધ્યતા ઉપર ખરાબ અસર પડી રહી છે. મતલબ કે જમીનની ફળદ્રુપતા માટે સતત કામ કરી રહેલી કુદરતી મશીનરી ધીમી પડી ચૂકી છે, ત્યારે જૈવિક ઘટકો તરફ આખા વિશ્વનું ધ્યાન ખેંચાયું છે. માટે જૈવિક પાક સંરક્ષણ અને પોષણનું મહત્વ વધી રહ્યું છે. 'ઋષિ કૃષિ'નો ખ્યાલ આધુનિક સ્વરૂપે ફરી એકવાર વિકસી રહ્યો છે, જે ખેતી ઉપરાંત જમીન, જમીનની ફળદ્રુપતા, સૂક્ષ્મ જીવોની સંખ્યા, પર્યાવરણ અને માનવ જાત ઉપરાંત સૃષ્ટિના દરેક જીવ માટે લાભદાયક નિવડે તેવું કામ છે.

ભારતમાં જૈવિક પાક સંરક્ષણ અને પાક પોષણની વાત આવે ત્યારે એગ્રીલેન્ડ બાયોટેક લી.નું નામ મોખરે ગણાય છે. કારણ કે પાક સંરક્ષણની બાબતમાં વ્યાપારિક ધોરણે ભારતમાં ખૂબ જ અગત્યના જૈવિક ઘટકો લાવવાની શરૂઆત એગ્રીલેન્ડ કંપની તરફથી ૧૯૯૪માં થઇ હતી. આજે એગ્રીલેન્ડ કંપની પાસે જૈવિક પાક સંરક્ષણ, જૈવિક પાક પોષણ ઉપરાંત સંકલિત કીટક વ્યવસ્થાપન (IPM)ના મુખ્ય ઘટક એવા નોમેટ ફેરોમોન ટ્રેપની સંપૂર્ણ શ્રેણી પણ ઉપલબ્ધ છે. તો જૈવિક પાક પોષણ માટે નાઇટ્રોજન, ફોસ્ફરસ, પોટાશ ઉપરાંત ઝિંક અને સલ્ફર વગેરેના બેકટેરિયલ કલ્ચર પણ ઉપલબ્ધ છે. તો NPK કોન્સોર્ટીયા સ્વરૂપે 'બાયોફિલ્ડ' બ્રાન્ડથી લિકવીડ ફોર્મ્યુલેશન ઉપરાંત સોઇલ એપ્લિકેશન માટે બાયોફિલ્ડ ગ્રેન્યુલ્સ અને બાયોફિલ્ડ કોમ્બો એમ બે અલગ ફોર્મ્યુલેશન છે. જે વિવિધ પાકમાં આપી શકાય છે.

ઉભા પાકમાં મોનિટર HP ના વપરાશ પછી રોગકારક ફૂગ ઉપર ટ્રાયકોડર્માની કોલોની નજરે પડે છે.

ઉપરોકત જૈવિક ઘટકો ઉપરાંત જૈવિક ખાતરમાં અત્યારે વિશ્વમાં સૌથી શક્તિશાળી ખાતર તરીકે VAM (માયકોરાઇઝા) ખૂબ જ ઝડપથી વિકસી રહ્યું છે. જે એગ્રીલેન્ડ પાસે પોતાનું પ્રોડકશન ધરાવતું માયકોઝોન ત્રણ ફોર્મ્યુલેશનમાં ઉપલબ્ધ છે. જેમાં 'માયકોઝોન' (SP) ૧૦૦ ગ્રામ પેકિંગમાં છે. જે બીજ માવજત, ખાતર કે સેન્દ્રિય પદાર્થ સાથે કે ટપક પિયત પધ્ધતિમાં વાપરી શકાય છે. આ ઉપરાંત આ જ માયકોઝોન ટેબ્લેટ ફોમમાં પણ ઉપલબ્ધ છે. જેનો ઉપયોગ નર્સરી, બાગાયતિ કે શાકભાજીના પાકમાં કરી શકાય છે. જયારે ત્રીજું ફોર્મ્યુલેશન 'માયકોપાવર'ના નામથી સોઇલ એપ્લિકેશન માટે પાવડરના સ્વરૂપમાં ઉપલબ્ધ છે. જેનો ઉપયોગ દરેક પાકમાં કરી શકાય છે. એટલે એગ્રીલેન્ડ કંપની પાસે સંકલિત કીટક અને પોષણ વ્યવસ્થાપન (IPNM)ના ભાગરૂપે સંપૂર્ણ જૈવિક શ્રેણી છે. કિટકોના નિયંત્રણ માટે બાયોસોફટ, વર્ટિસોફટ, મેટાસોફટ છે તો ફૂગના નિયંત્રણ માટે મોનિટર, સૂડોઝોન છે. જયારે કૃમિના વ્યવસ્થાપન માટે યોર્કર અને સૂડોઝોન ઉપલબ્ધ છે. એઝાડીરેકટીન (નીમ બેઇઝ) પ્રોડકટ્માં વેનગાર્ડના નામથી દસ હજાર અને પંદરસો ppm ફોર્મ્યુલેશન ઉપલબ્ધ છે.

જૈવિક ખેતીના ખ્યાલ માટે હાલ એગ્રીલેન્ડ ગુજરાત ઉપરાંત અન્ય દસેક રાજય અને દેશના સીમાડા પાર કરીને સાતેક જેટલા અન્ય દેશોમાં પોતાના નેટવર્ક થકી પ્રચાર-પ્રસાર અને વેપાર કરે છે. ખેતીના પાકમાં આવતી સમસ્યાઓના સમાધાન માટે એગ્રીલેન્ડના જૈવિક ઘટકો ખૂબ જ ઉપયોગી સાબિત થઇ રહ્યા છે. સંપૂર્ણ રીતે જૈવિક ખેતી કરતાં ખેડૂતો માટે ઉપરોકત દરેક પ્રોડકટ ખૂબ જ ઉપયોગી છે. સાથોસાથ રાસાયણિક ખેતી કરતાં ખેડૂતો પણ જટિલ સમસ્યાઓમાં જયારે રસાયણ નથી કામ કરતા ત્યારે આ જૈવિક ઘટકો ખૂબ સારૂં રોગ/જીવાત કે પોષણનું વ્યવસ્થાપન કરીને ખેડૂતોને સંતોષ આપે છે, જે આપણાં માટે ગૌરવની વાત છે.

AGRILAND

AGRILAND
flourish
a thought for biofarming

લાલ ચટ્ટાકેદાર ડ્રેગન ફ્રુટ

આમ તો ડ્રેગન ફ્રુટનું વતન ભારત નથી. મૂળ વિયેટનામ, થાઇલેન્ડ, મલેશિયા જેવા દેશોમાં ડ્રેગન ફ્રુટની ખેતી થાય છે. પણ આજના આધુનિક યુગમાં હવે કંઇ મુશ્કેલી નથી. વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે જ્યારે ખેડૂતોની કોઠાસૂઝ અને મહેનત રંગ લાવે છે ત્યારે બધું જ શકય બને છે. છેલ્લા અમુક વર્ષોથી ભારત ઉપરાંત ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ડ્રેગન ફ્રુટની ખેતી સરસ રીતે થાય છે. એક ફળની રીતે ડ્રેગન ફ્રુટમાં માણસની તંદુરસ્તી માટે જરૂરી પોષક તત્વોની ખાણ છે. તેથી ધીમે ધીમે આ ફ્રુટ લોકોની પસંદ બની રહ્યું છે. આપણે ત્યાં મોટાભાગે સફેદ અને ગુલાબી એમ બન્ને પ્રકારના ડ્રેગન ફ્રુટ મળે છે. બહારથી બન્નેનો કલર ગુલાબી હોય છે. જ્યારે અંદરથી સફેદ અને ગુલાબી એમ બન્ને પ્રકારના ડ્રેગન ફ્રુટ હોય છે. આપણે ત્યાં લાલ (ગુલાબી) ડ્રેગન ફ્રુટની ખૂબ જ માંગ છે. ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લાના શેઢાવદર ગામના પ્રગતિશીલ ખેડૂત બાબુભાઇ રાઘવજીભાઇ ઘોરી પોતાના આર. આર. ફાર્મમાં ડ્રેગન ફ્રુટની સફળ ખેતી કરીને ખેતીમાં નવો રંગ લાવ્યા છે.

નાનપણથી જ બાબુભાઇને ખેતીમાં ખૂબ જ રસ હતો. હાલ બાબુભાઇની ઉમર ૫૫ વર્ષની છે પણ ખેતીમાં તેમનું ઝોમ અને ધ્યાન અદ્‌ભૂત છે. ૧૯૯૦માં તેમના હાથમાં ખેતીનું સંચાલન આવ્યું. આપણી ભાષામાં વેવાર હાથમાં આવ્યો ને પોતાનો શોખ બાગાયત તરફ઼ ઢળ્યો. બે એકર જમીનમાં જામફળ અને દાડમનું બાગાયત કર્યું. જેમાં ભાગીયા કે મજૂર વગર જાતમહેનતથી વાડીનું કામ કરતા અને તેમાંથી સારૂં ઉત્પાદન લેતા. અત્યારે પણ નવયુવાનોને શરમાવે તેવી સ્ફૂર્તિથી પોતે જ વાડીનું કામ કરે છે. વર્ષ ૨૦૧૭માં સોશ્યલ મિડીયાના માધ્યમથી તેમને ડ્રેગન ફ્રુટની ખેતીમાં રસ જાગ્યો. જામનગર, કચ્છ અને મહારાષ્ટ્રમાં ત્યારે અખતરારૂપે ડ્રેગન ફ્રુટનું વાવેતર હતું, ત્યાં જઇને તેની વિગતવાર માહિતી મેળવીને નકકી કર્યું કે ડ્રેગન ફ્રુટ તો કરવા જ છે. આખરે મહારાષ્ટ્રના પૂણેથી ડ્રેગન ફ્રુટના રોપ લાવી ૨ એકરમાં વાવેતર કર્યું અને સાથોસાથ નકકી કર્યું કે આવા કિંમતી અને ઉપયોગી ફળમાં રાસાયણિક ખાતર કે ઝેરયુકત દવા વાપરવી નથી. ને બસ, અહીંથી લાલ ચટ્ટાકેદાર ડ્રેગન ફ્રુટની સફળ ખેતીની શરૂઆત થઇ. જમીનમાં દેશી ખાતર, સેન્દ્રિય ખાતર, વર્મીકમ્પોસ્ટ, વર્મીવોશ અને એગ્રીલેન્ડના જૈવિક ખાતરોમાં બાયોફિલ્ડ અને માયકોઝોન વાપરવા લાગ્યા. તેમજ જમીનજન્ય રોગના નિયંત્રણ માટે અગમચેતીના ભાગરૂપે મોનિટર HP નો ઉપયોગ શરૂ કરી દીધો. જેના અદ્‌ભૂત પરિણામોનું સાક્ષી છે આર. આર. ફાર્મ...

ડ્રેગન ફ્રુટની સિઝનની વાત કરતાં બાબુભાઇ જણાવે છે કે આ ફળની સિઝન ઓગષ્ટથી નવેમ્બર સુધી રહે છે. ફળનો કલર અને સ્વાદ અદ્‌ભૂત હોય છે. છોડ ઉપરથી ઉતારેલું ફળ કાપવાની ઇચ્છા થઇ જાય તેવું હોય છે અને કાપ્યા પછી ખાવાનું મન થયા વગર રહેતું નથી. એકવાર આ અદ્‌ભૂત ફળ જે ખાય તેને વારંવાર ખાવાની ઇચ્છા થાય છે. સ્વાદની સાથોસાથ તેમાં ભરપૂર પોષણ હોય છે. દરરોજ એક ફળનું સેવન કોઇ કરે તો તેની તબિયત બની જાય છે, તેવું બાબુભાઇ ગૌરવથી કહે છે.

ઉત્પાદનની વાત કરતાં બાબુભાઇ કહે છે કે ૨ એકરના ઉત્પાદનના આંકડા વર્ષ મુજબ જોઇએ તો ૨૦૧૭માં રોપણી કરી પછીના વર્ષથી એટલે કે ૨૦૧૮માં પ્રથમ વર્ષે ૨૦૦૦ કિલો, ૨૦૧૯માં ૩૫૦૦ કિલો અને આ વર્ષે ૨૦૨૦માં સપ્ટેમ્બર સુધીમાં ૫૦૦૦ કિલો અને હજી નવેમ્બરની સિઝન પૂરી થતાં બીજા ૧૫૦૦ કિલોના ઉત્પાદનનો અંદાઝ છે.

વિદેશમાંથી આયાત થતાં ડ્રેગન ફ્રુટ કરતાં સૌરાષ્ટ્રના ડ્રેગન ફ્રુટનો સ્વાદ મધૂરો હોય છે. બાબુભાઇના જણાવ્યા મુજબ તેના ફાર્મમાં થતાં ડ્રેગન ફ્રુટ ૩૦૦ થી ૭૦૦ ગ્રામનું એક ફળ હોય છે અને અંદાજિત ભાવ ૧૮૦ થી ૨૨૦ રૂપિયા પ્રતિ કિલો સુધી મળે છે. બાબુભાઇને તેના ડ્રેગન ફ્રુટ વેચવા માટે હજુ માર્કેટમાં જવું પડયું નથી. પરંતુ એડવાન્સ બુકિંગથી ફાર્મ ઉપરથી સીધું જ વેચાણ થઇ જાય છે. તેઓ દસ કિલો પેકિંગમાં અમદાવાદ, સુરત, મુંબઇ જેવા મોટા શહેરોમાં સીધા ગ્રાહકોને વેચે છે. તેમના પોતાના દ્વારા તૈયાર કરવામાં આવેલા ડ્રેગન ફ્રુટના રોપાનું વેચાણ કરે છે. અત્યાર સુધીમાં અંદાજે ૧૦ હજાર રોપાનું વેચાણ કરેલ છે. આર. આર. ફાર્મ અને બાબુભાઇ બન્ને એગ્રીલેન્ડના જૈવિક પ્રોડકટથી ખુશ છે, તેને સંતોષ છે કે તેઓ પોતાના દેશના લોકોને ઓર્ગેનિક લાલ ચટ્ટાકેદાર ડ્રેગન ફ્રુટ ખવડાવે છે અને પોતે સારી ઉપજ મેળવે છે. બાબુભાઇનો સંપર્ક નંબર છે ૯૮૭૯૮ ૯૮૯૮૪

સંપાદક : હેમંત રાવલ

AGRILAND

AGRILAND
flourish
a thought for biofarming

શિયાળુ સિઝનમાં જૈવિક પાક સંરક્ષણ અને પોષણ વ્યવસ્થાપન

લસણ/ડુંગળી : લસણ અને ડુંગળી બન્ને પાકમાં મોટાભાગે પાક પોષણ અને પાક સંરક્ષણ એકસરખું જ હોય છે. તેથી બન્ને પાકની વાત એક સાથે કરીએ.

પાક પોષણઃ લસણ/ડુંગળીમાં પાયાના ખાતરમાં જૈવિક પોષણની વાત કરીએ તો પાયામાં અન્ય રાસાયણિક ખાતર કે સેન્દ્રિય ખાતરની સાથે એક એકરમાં ૮ કિલો બાયોફિલ્ડ દાણાદાર અથવા ૩ થી ૪ કિલો બાયોફિલ્ડ કોમ્બો અથવા માયકોપાવર ૪ કિલો તથા ૧૦૦ ગ્રામ માયકોઝોન વાપરવાથી બન્ને પાકમાં ખૂબ જ ફાયદો થાય છે. ખર્ચ ઘટાડવા માટે રાસાયણિક ખાતરનો ડોઝ અડધો કરી શકાય છે.

પાક સંરક્ષણઃ બન્ને પાકના મૂળમાં કૃમિ અને ફ્યુઝેરીયમ ફૂગ ખૂબ જ નુકશાન કરે છે. તેના નિયંત્રણ માટે જૈવિક કૃમિનાશક તરીકે સુડોઝોન ૧ વિઘામાં ૫૦૦ ગ્રામ અથવા યોર્કર ૨૫૦ ગ્રામ અને ફૂગના નિયંત્રણ માટે મોનિટર HP ૨૫૦ ગ્રામ બીજા કે ત્રીજા પિયત વખતે પાણી સાથે પાવાથી સચોટ નિયંત્રણ મળે છે.

આ પાકમાં પર્પલ બ્લોચના રોગનો ઉપદ્રવ ખૂબ જ હોય છે. ઓલ્ટરનેરીયા ફૂગથી થતો પર્પલ બ્લોચ પાંદ ઉપર આવે છે. જેમાં પર્પલ કલરના ડાઘ પડે છે. પાંદની ઉપરની ટોચ બળે છે અને ઘણી વખતે પાંદ ભાંગીને ઢળી પડે છે. તેના નિયંત્રણ માટે એન્ટીટી-૪૫ મિલી., લાઈફ લાઇન-૪૫ મિ.લી. અને રનોફ-૫ મિ.લી. એક પમ્પમાં મિકસ કરી ઘાટો છંટકાવ આપવાથી સારા પરિણામ મળે છે.

થ્રિપ્સઃ ઉપરોકત બન્ને પાકમાં થ્રિપ્સનું ખૂબ મોટું નુકશાન છે. જે પાંદ ઉપર ઘસરકા કરીને કલોરોફિલ ચૂસીને પાકને નબળો પાડે છે. તેના નિયંત્રણ માટે વેનગાર્ડ ૧૫૦૦ ppm ૬૦ મિલી. અથવા ૧૦૦૦૦ ppm ૩૦ મિલી.ને થ્રિપ્સના નિયંત્રણ માટે વપરાતા રસાયણ સાથે મિકસ કરીને કે એકલાને પણ છંટકાવ કરી શકાય છે. આ ઉપરાંત ફૂગનાશકનો છંટકાવ ન હોય ત્યારે બાયોસોફટ ૧૫ ગ્રામ તથા રનોફ ૫ મિલી./પમ્પના પ્રમાણથી છંટકાવ કરી શકાય છે.

ઘઉંઃ ઘઉંના પાકમાં પાક પોષણ માટે વાવતા પહેલાં ૧ એકરના બિયારણમાં ૧૦૦ ગ્રામ માયકોઝોનનો પટ આપી વાવેતર કરવાથી અદ્‌ભૂત પરિણામ મળે છે. તેમજ પાયામાં રાસાયણિક ખાતર સાથે બાયોફિલ્ડ દાણાદાર ૧ એકરમાં ૮ કિલો અથવા બાયોફિલ્ડ કોમ્બો ૩ કિલો અથવા માયકોપાવર ૪ કિલોના પ્રમાણથી વાપરવાની ભલામણ છે. ઓર્ગેનિક ઘઉં વાવતા ખેડૂતોએ રાસાયણિક ખાતર વાપરવું નહિ. આ પાકમાં પાક સંરક્ષણ માટે ખાસ કંઇ જરૂરિયાત રહેતી નથી.

ચણા : ચણાના પાકને કોહવારા (રાયઝોકટોનિયા) ફૂગથી બચાવવા માટે મોનિટર HP ૧૦ ગ્રામ પ્રતિ કિલો બીજને પટ આપવો તેમજ વધુ ઉત્પાદન માટે ૧ એકરના બીજને ૧૦૦ ગ્રામ માયકોઝોનનો પટ આપવો. તેમજ પાયાના ખાતરમાં બાયોફિલ્ડ દાણાદાર કે બાયોફિલ્ડ કોમ્બો વાપરવા ભલામણ છે.

કોહવારોઃ રાહીઝેકટોનિયાના નામની ફૂગથી થતાં કોહવારાના નિયંત્રણ માટે પ્રથમ કે બીજા પિયત વખતે ૧ વિઘામાં ૨૫૦ ગ્રામ મોનિટર પાણી સાથે પાવું.

લીલી ઇયળઃ પાંદ ખાઇને કે પોપટામાં રહીને ખૂબ જ નુકશાન કરતી લીલી ઇયળના નિયંત્રણ માટે બાયોસોફટ HP ને જંતુનાશક દવા સાથે મિકસ કરીને કે એકલાનો પણ છંટકાવ કરી શકાય છે. વેનગાર્ડ અને બાયોસોફટના વારાફરતી છંટકાવથી વધુ સારૂં પરિણામ મળે છે.

જીરૂઃ જીરૂ ખૂબ જ સંવેદનશીલ પાક છે. વળી તેમાં ફૂગજન્ય રોગ ખૂબ જ આવે છે. તેથી સાવચેતી રાખવી જરૂરી બને છે. જીરૂના પાકને ખાસ વધુ પોષણની જરૂરિયાત ન રહેતી હોવાથી પાયાના ખાતરમાં માત્ર બાયોફિલ્ડ કોમ્બો એકરે ૫ કિલો આપવાથી પોષણ પુરૂં મળી રહે છે.

રોગઃ (૧) સુકારોઃ જીરૂના આ રોગને પિળીયો કે લીલા સુકારાના નામથી પણ ઓળખવામાં આવે છે. તેના નિયંત્રણ માટે બીજા પિયત વખતે ૧ વિઘામાં ૨૫૦ ગ્રામ મોનિટર અને ૫૦૦ ગ્રામ સુડોઝોન મિકસ કરી પાણી સાથે પાવું.

(૨) કાળી ચર્મી (બ્લાઇટ): ઓલ્ટરનેરીયા બર્નસાઈ નામની ફૂગથી થતાં આ રોગને ચર્મી, ચર્મો કે કાળીયાથી ઓળખવામાં આવે છે. તેના નિયંત્રણ માટે એન્ટીટી ૪૦ મિલી., સેફોન ૫૦ ગ્રામ અને રનોફ ૫ મિલી.ના છંટકાવથી સારૂં નિયંત્રણ મળે છે.

(૩) પાવડરી મિલ્ડયૂ (સફેદ છારો): જીરૂની પાકટ અવસ્થાએ આવતા પાવડરી મિલ્ડયૂને સફેદ છારા કે રાખોડીના નામથી ઓળખવામાં આવે છે. તેના નિયંત્રણ માટે એન્ટીટી ૪૦ મિલી. તથા સેફોન ૬૦ ગ્રામ પ્રતિ પમ્પની સાથે ૫ મિલી. રનોફનો છંટકાવ કરવો. આ રોગના નિયંત્રણ માટે બજારમાં અન્ય રાસાયણિક ફૂગનાશકો પણ ઉપલબ્ધ છે.

AGRILAND

Agriland Biotech Limited, 36, Prince Indl. Estate, Mota-Motipura 391520, Ta. Savli, Dist. Vadodara, Gujarat, Mob. 9687671555, info@agrilandbiotech.com

AGRILAND
flourish
a thought for biofarming

બટાટામાં જૈવિક પાક સંરક્ષણ અને પોષણ વ્યવસ્થાપન

બટાટા : મુખ્ય જીવાતો: થડ કાપી ખાનારા ઇયળ, લશ્કરી ઇયળ, લીલા ચુસિયા, મોલો, સફેદ માખી, પોટેટો ટ્યુબર મોથ (બટાટાની કુદી)

ઉપરોકત બધી જીવાતોના નિયંત્રણ માટે બાયોસોફટ ૨૫ ગ્રામ, રનોફ ૫ મિલી. પ્રતિ પમ્પ મિકસ કરી છંટકાવ કરવો. તેમજ જીવાતને ધ્યાનમાં રાખી વેનગાર્ડને પણ છંટકાવમાં લઇ શકાય છે. તેમજ એકરે ૧ (એક) એગ્રીલેન્ડ સોલાર સ્ટીકી લાઇટ ટ્રેપ તેમજ ઇયળની માત્રા મુજબ નોમેટ ફેરોમોન ટ્રેપ લગાડવા.

મુખ્ય રોગ: આગોતરો સુકારો (અર્લી બ્લાઇટ), પાછોતરો સુકારો (લેટ બ્લાઇટ), બટાટાનો કોમન સ્કેબ, બટાટાના કાળા ચાંઠાનો રોગ, બટાટાનો બંગડીનો રોગ (રીંગ રોટ), પોટેટો લીફ રોલ વાઇરસ અને ગાંઠવા કૃમિ.

જૈવિક વ્યવસ્થાપન: (૧) બટાટાના કટકા કર્યા બાદ એક એકરે મોનિટર ૧ કિલો + શંખજીરૂ અથવા બોરીક એસિડ પાવડર અથવા ટાલ્ક પાવડર મિશ્રણ કરીને વાવેતર કરવું.

(૨) બટાટામાં આવતા રોગ મુખ્યત્વે બીજજન્ય હોવાથી રોગમુકત પ્રમાણિત બિયારણ પસંદ કરવું. બિયારણના ટુકડા કરતી વખતે જે કંદમાં રોગ જોવા મળે તે ફેંકી દેવા.

(૩) પાકની ફેરબદલી તરીકે ટામેટા, મરચી, રીંગણી કે તમાકુ જેવા પાક લેવા નહીં.

(૪) જયાં સ્કેબનું પ્રમાણ વધારે રહેતું હોય ત્યાં ૮ કિલો પ્રતિ એકર બોરીક એસિડ ચાસમાં આપવું.

(૫) કૃમિ, બેકટેરિયા તથા ફૂગના નિયંત્રણ માટે મોનિટર ૨૫૦ ગ્રામ, સુડોઝોન ૧ કિલો જમીનમાં આપવું. તેમજ સોઇલ ઇન્સેકટના નિયંત્રણ માટે બાયોસોફટ ૨૫૦ ગ્રામ જમીનમાં આપવું.

(૬) માઇકોઝોન ૧૦૦ ગ્રામ + બાયોફિલ્ડ કોમ્બો જમીનમાં આપવાથી તંતુ મૂળનો ખૂબ વિકાસ થાય છે તેમજ નાઇટ્રોજન, ફોસ્ફરસ તથા પોટાશના બેકટેરીયાની વસ્તી વધવાથી છોડનો વિકાસ સારો થાય છે.

(૭) પાક ૪૫ દિવસનો થાય ત્યારે વેનગાર્ડ ૬૦ મિલી.,



બાયોફિલ્ડ ૩૦ મિલી., રનોફ ૫ મિલી. પ્રતિ પમ્પ છંટકાવ કરવાથી ચુસિયા જીવાતનું નિયંત્રણ થાય છે.

(૮) પાકના ૬૦ દિવસે બાયોસોફટ ૧૫ ગ્રામ, સ્માર્ટ ઝિંક ૧૫ મિલી., સેફોન ૫૦ ગ્રામ, રનોફ ૫ મિલી. પ્રતિ પમ્પ છંટકાવ કરવાથી ચુસિયા, ઇયળોનું નિયંત્રણ અને ઝિંકની ઉણપની સમસ્યા દૂર થાય છે.

(૯) પાકના ૭૫ દિવસે લાઇફલાઇન ૪૫ મિલી., એન્ટીટી ૪૫ મિલી., રનોફ ૫ મિલી. પ્રતિ પમ્પ છંટકાવ કરવાથી આગોતરા તથા પાછોતરા એમ બન્ને સુકારાના રોગમાં સારૂં નિયંત્રણ મળે છે.

એગ્રીલેન્ડ કંપનીના જૈવિક ઉત્પાદનો

મોનીટર	:	ટ્રાયકોડર્મા વીરીડી (ફુગનાશક)
બાયોસોફ્ટ	:	બ્યુવેરીયા બેસીયાના (કિટકનાશક)
લાઇફલાઇન	:	જિબ્રાલિક એસિડ અને સૂક્ષ્મ પોષક તત્વો
વેનગાર્ડ	:	એઝાડીરેકટીન (કિટકનાશક)
સુડોઝોન	:	સુડોમોનાસ ફ્લુરોસન્સ (ફુગનાશક-કૃમિનાશક-બેકટેરીયાનાશક)
સેફોન	:	સલ્ફર ૪૦% (SC)
સ્માર્ટઝિંક	:	ઝિંક ઓકસાઇડ ૩૯.૫% (SC)
યોર્કર	:	પેસીલોમાયસીસ/વર્ટીસીલીયમ (કૃમિનાશક)
બાયોફીલ્ડ	:	એનપીકે બાયોફર્ટીલાઇઝર
માયકોઝોન	:	માઇકોરાઇઝા (વામ) બાયોફર્ટીલાઇઝર
નોમેટ	:	ફેરોમોન ટ્રેપ અને લ્યુર
નોમેટ લાઇફટાઇમ	:	ફળમાખી માટે ટ્રેપ અને બ્લોક
રનોફ-૧૦૦	:	નોન-આયોનીક સ્પ્રેડર/એડજુવન્ટ
એન્ટીટી	:	ફુગનાશક (ફોલીયર ડીઝીસ)
ડેબ્રીસ્ટા	:	વેસ્ટ કમ્પોસ્ટીંગ સૂક્ષ્મજીવોનો સમૂહ

આપણી સાથે ઓળખાણ:

નામ : મિદાગ માંગુકિયા
હોદ્દો : એકઝીકયૂટીવ ડાયરેકટર (રિસર્ચ એન્ડ પ્રોડકશન)
એગ્રીલેન્ડ બાયોટેક લીમીટેડ, વડોદરા
સ્વભાવે શાંત અને નિખાલસ વ્યક્તિત્વ. પરિણામલક્ષી પ્રોડકટ એમનું લક્ષ્યાંક છે.

ઓળખાણ: આપણી સાથે

નામ : અલ્પેશ માંગુકિયા
હોદ્દો : એકઝીકયૂટીવ ડાયરેકટર (પ્રોડકશન)
એગ્રીલેન્ડ બાયોટેક લીમીટેડ, વડોદરા
સ્વભાવે ચંચળ અને કાર્યનિષ્ઠ વ્યક્તિ 'સખત પરિશ્રમ વડે જ સફળ થઇ શકાય' એમનું સૂત્ર છે.

AGRILAND